Criminal case no 5882/2024

## :: <u>આંક:૧ લગત હુકમ</u> ::

(૧) ફરીયાદીશ્રી દ્રારા આ ફરીયાદી નેગો.ઈ.એ.ની કલમ:૧૩૮,૧૪૨ અન્વયેના ગુના સબબ હાલની આ ફરીયાદ તા.૨૫.૧૦.૨૦૨૪ના રોજ દાખલ કરેલ છે.

(૨) આ કામે રેકર્ડ જોતાં આ કામ દાખલ થયા બાદથી સતત આજદીન સુધી આરોપી પરના સમન્સ – એટલેકે પ્રોસેસ બજવણી હેતુ જ ચાલી આવેલ છે. આ કામનુ રોજકામ જોતા આ કામે ઘણી મુદતોએ ફરીયાદી તથા તેમના માહીતગાર વિ.વ.શ્રી આ કામે ગેરહાજર રહેલ હોવાનુ જણાય આવે છે.

- આ કામે ફરીયાદી તરફે તારીખ ૨૮.૧૧.૨૪ ના રોજ અપાયેલ આંક–૦૬ની અરજી મુજબ હાથબીડાની દાદ ગ્રાહય રાખવામા આવ્યા બાદથી આ કામે હાથબીડો મેળવાયેલ નથી.
- આ કામે ફરીયાદી તરફે તારીખ ૨૦.૦૨.૨૫ ના રોજ નવા સરનામા માટે અરજી આપયા બાદથીઆ કામ આરોપીનુ નવુ સરનામુ રજુ થવા માટે મુલત્વી રહેલ છે.જે મુજબની કાર્યવાહી કે નવુ સરનામુ આજદીન સુધી ફરીયાદી તરફે રજુ થયેલ નથી.
- આ કામે રોજકામ જોતા તારીખ ૯.૫.૨૫ થી આ કામ ના ફરીયાદી જાતે કે તેમના વિધ્વાન વકીલશ્રી મારફત કામ મા હાજર પણ થયેલ નથી. કે આવી ગેરહાજરીનુ કોઈ યોગ્ય કારણ જણાવતી કોઈ મુદત અરજી પણ રજુ થયેલ નથી.
- આમ રેકર્ડ પર માત્ર ૩ અરજી ઓ આપવા સીવાય, ફરીયાદીએ બજવણીના કોઈ જ પ્રયત્નો કરેલા નથી કે આગળની કોઈ જ કાર્યવાહી કરાયેલ નથી અને અરજી મુજબ નો હાથબીડો મેળવવા પણ ફરીયાદી હાજર રહેલ નહી.

આ કામે આરોપી બાજુના જીલ્લા અમદાવાદના વતની હોવા છતા બજવણી માટે ફરીયાદીએ પોતાની જ ફરીયાદ અરજી હોવા છતા કોઈ જ તકેદારી દાખવેલ નથી અને કામ સને ૨૦૨૪ – બે વર્ષ થી બજવણી માટે જ પેન્ડીગ રહેલ છે. અને આ કામની બજવણી સામાવાળા પર કરવા–કરાવવા ફરીયાદી નીયમીત અદાલત સમક્ષ હાજર રહેલ નથી.આમ રેકર્ડ ચકાસતા ન તો આ કામે ફરીયાદી જાતે હાજર રહેલ છે , ના તો આરોપીને વોરંટ બજવણી થકી હાજર રખાવી શકેલ છે.

આ કામે ન્યાય ના હીતમા ફરીયાદી ને વગર કોઈ અરજી , કે મુદત રીપોર્ટ વગર જ મુદત મળેલ હોવા છતા ફરીયાદી આ કામે પોતાની ફરીયાદ અરજી હોવા છતા બેદરકાર રહેલ છે. આમ ફરીયાદીને અનેકાનેક તકો આપવા છતા આજદીન સુધી આરોપી પર પ્રોસેસ બજવણી શકય બનેલ નથી.

આમ,આજદીન સુધી સદર કેસ ફરીયાદીની કસુરના કારણે મૃતપાય અવસ્થામાં પડી રહેલો છે.

(૩) વધુમાં ફરીયાદ પક્ષે આજદીન સુધી આ કેસમાં કોઈ જ રસ પણ દાખવેલો નથી કે આ કામના આરોપીને બજવણીના પણ કોઈ જ પ્રયત્ન આજદીન સુધી કરેલા નથી. આમ સદર ફરીયાદ અહી આવ્યા તારીખથી આજદીન સુધી મૃતપાય અવસ્થામાં ફરીયાદીના કસુરના કારણે પડી રહેલ છે. અને તેમા લેશમાત્ર પ્રગતિ થયેલ નથી.

અને આજ રીતે તેને વધુ સમય મુકી રાખવામાં આવે તો તેનો કોઈ જ અર્થ સરે તેમ નથી અને બીન જરૂરી અદાલતની કામગીરી વધે તેમ છે.

(૪) આમ,સદર કેસનું રેકર્ડ જોતાં આ કામના ફરીયાદી લાંબા સમયથી હાજર રહેતા ન હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.નામદાર સુપ્રિમ અદાલત દ્વારા એસ.રામા ક્રીશ્નના રેડડી વી. એસ.રામી રેડડી (એ.આઈ.આર ૨૦૦૮ એસ.સી.૨૦૬૬ ) ના ચુકાદામા ઠરાવેલ છે કે, ફરીયાદીને પોતાની ફરીયાદ કોઈપણ નીયત કારણ વીના અનીશ્ચીત સમય સુધી યથાવત પડી રાખવા દઈ શકાય નહી.

એજ રીતે નામદાર ઉપરી અદાલતે ભવાની ટેક્ષટાઈલ મીલ્સ વીરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રીમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯ ના તા. ૧૮.૧૦.૨૦૧૦ ના ચુકાદામા ઠરાવ્યા મુજબ જો ફરીયાદી પોતાની ફરીયાદમા યોગ્ય પ્રક્રીયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામા નીષ્ફળ જાય તો, તેવા કીસ્સામા અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીમસીસ ફોર ડીફોલ્ટ કરવી. જે ચુકાદામા ઠરાવેલ સીધ્ધાંત આ કેસમા લાગુ પડતા છે.

(૫) આમ છતાં ન્યાયના હિતમાં કોઈપણ પ્રકારના મુદત રીપોર્ટ કે રજુઆત વિના ફરીયાદીને વધુ એક તક આપવાના ઈરાદે આજરોજ કામ મુલતવી રાખવામાં આવેલ હતું. આમ છતાં ફરીયાદી આગળની કાર્યવાહી માટે કોઈ હાજર નથી. આમ ફરીયાદીને આ ફરીયાદ અંગે કોઈ જ ગંભિરતા નથી. અને તેમને રસ હોય તેમ પણ જણાઈ આવતું નથી. નહી તો રૂ.૩૧,૦૦,૦૦૦/– ( એકત્રીસ લાખ ) જેટલી જંગી લેણી રકમ હોવા છતા, ફરીયાદી આજદીન સુધી શા માટે નિષ્ક્રીય રહેત ? સદર પ્રશ્ન આજે પણ ફરીયાદીના ગેરહાજરી ના કારણે નિરૂતર છે.

(૬) આમ, ફરીયાદીને અનેકાનેક તકો ઉપલબ્ધ થયેલ હોવા છતા આ કામે નીયમીત રહી પોતાની ફરીયાદ અરજી લગત હુકમ થાય અને પોતાને માંગ્યા મુજબની દાદ મળે તે પ્રત્યે જાગ્રૃત રહેલ નથી. આમ, માત્ર કોઈ અરજી અદાલતમા પેન્ડીગ રહેલ છે તેટલા માત્રથી રેકર્ડસ નીયમીત કરવાની જવાબદારી જે તે અદાલતની જ ના ઠરાવી શકાય ,પોત–પોતાના તબકકે પોતાના પુરાવા અથવા તો અરજી અથવા તો કાર્યવાહી અથવા તો દસ્તાવેજો રજુ કરી તે રેકર્ડ પર પુરાવા તરીકે ગ્રાહય રહે અને કામ આગળ ચાલે તે જોવાની જવાબદારી અદાલત કરતા વીશેષ બંને પક્ષકારો પર રહે છે. તથા રેકર્ડ નીયમીત કરવા માટેની યોગ્ય કાર્યવાહી કરવાની જવાબદારી આ અદાલતની સાથે સાથે કોર્ટ અધિકારી તરીકે બંને પક્ષકારોના વિધ્વાનવકીલશ્રીઓની પણ બને છે.જે આ રેકર્ડ વંચાણે લેતા ફરીયાદી પક્ષે દરકાર લીધેલ હોય, તેમ જણાય આવતુ નથી.

વધુમા માત્ર અરજીઓ કરવી અથવા તો દર મુદતે અરજી રજુ કરી દેવી, અથવા તો હાજર રહેવુ એને જ આ કામે કાર્યવાહી કરવાના પુરતા પ્રયત્નો કહી ના શકાય. કેસના તબકકા વાર કાયદામાન્ય પધ્ધતી મુજબની અરજી કરવી , અને તે મુજબ ના પ્રયત્ન કરવાથી કેસમા આગળ ધપી શકાય જે અહી આગળ ઉપર ચર્ચા કરી તે મુજબની કોઈ પણ પ્રક્રીયા ફરીયાદી એ કરેલ નથી.

Criminal case no 5882/2024

(૭) આમ સદર કેસમાં ફરીયાદી કોર્ટમાં હાજર રહેતા ન હોય કે આરોપીને બજવણીના ઘણા લાંબા સમયથી કોઈ જ પ્રયત્ન કરેલા ન હોય તથા તેમને હાલના કેસમાં રસ ન હોય અને **<u>આ કેસ સને ૨૦૨૪મા દાખલ થયેલ ૨ વર્ષ જુની મેટર હોય,</u>**હાલની ફરીયાદ તેમની આ પ્રકારની નિરસતા, નિષ્ક્રીયતા, બેદરકારીના કારણે હાલની ફરીયાદ ફરીયાદ પક્ષે ફોર વોન્ટ ઓફ પ્રોસીકયુશન કાઢી નાંખવા પાત્ર જણાતી હોય ન્યાય ના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**<u>હુકમ</u>**

ફરીયાદીની સદરહું ખાનગી ફરીયાદ ફરીયાદીની ગેરહાજરીના કારણે તથા ફરીયાદીની નિરસતા અને નિષ્ક્રીયતાને કારણે કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮–૦૩–૨૦૨૬ (એફ.એન.સોલંકી)

ગાંધીનગર. ત્રીજા અધિક સીવીલ જજ અને જે.એમ.એફ.સી–ગાંધીનગર

(જજ કોડ–જીજે.૦૧૫૫૨)